# સ્વર્ણિમ પાર્કમાં વિવિધ ૬ સ્થળોએ ફલાવર વેલી આકર્ષણનુ કેન્દ્ર બનશે

**પાર્કમાં ફલાવર સ્ટ્રીટનુ પણ નિર્માણ કરાશે : પીટોનિયાના ફુલો ખિલતા પાર્કની રોનક નિખરશે**

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જયારે મહાત્મા મંદિર તરફ જવાના રૂટમાં બ્યુટીફિકેશનની કામગીરી તરફ પણ વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યુ છે. સ્વર્ણિમ પાર્કમાં પણ રંગબેરંગી ફુલો નિખરે તે મુજબનુ આયોજન કરાયુ છે. જેમાં પાર્કમાં ફલાવર વેલી તેમજ ફલાવર સ્ટ્રીટ બનાવવા માટે પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

શહેરના સ્વર્ણિમ પાર્કમાં વાઈબ્રન્ટ દરમિયાન વિશેષ આકર્ષણ ઉભુ કરવા માટે ફલાવર વેલી તેમજ ફલાવર સ્ટ્રીટ તૈયાર કરાશે. સ્વર્ણિમ પાર્કમાં ફુલો દેખાતા નથી. જેના લીધે પાર્કમી રોનક જોઈએ તેવી નિખરતી નથી. જેને ધ્યાને લઈ પાર્કની રોનક નિખારવા માટે ફુલો નિખરે તે મુજબ વેલી બનાવાનુ નવતર આયોજન કરાયુ છે. સ્વર્ણિમ પાર્કના ટેકરા પર આ પ્રકારની વેલી બનાવાશે. જેમાં કુંજામાંથી અવનવા ફુલો નિખરીનો ઢોળાવ પર સુશોભિત થયેલા જોવા મળશે. સ્વર્ણિમ પાર્કમાં કુલ ૬ જગ્યાએ આ પ્રકારની ફલાવર વેલી તૈયાર કરાશે. જેમાં પીટોનિયા નામના સિઝનલ ફુલો નિખરશે. જયારે ફલાવર સ્ટ્રીટમાં પણ હેંગિગ કુંડા પર ફુલોની સજાવટ જોવા મળશે. સ્વર્ણિમ પાર્કમાં પ્રથમવાર આ પ્રકારનુ પ્લાન્ટેશન કરવામાં આવી રહ્યુ છે જયારે આ પ્રકારની વેલી અને ફલાવર સ્ટ્રીટના લીધે પાર્કની સુંદરતામાં વધારો થશે. મહાત્મા મંદિર તરફ જવાના રૂટમાં સ્થિત પાર્કને વધુ ભવ્ય બનાવવા માટે પાર્કના રસ્તા તેમજ સફાઈ સહીત હરિયાળી અને ફુલો નિખરે તે મુજબનુ આયોજન કરવામાં આવ્યુ છે .પાર્ક આસપાસ સ્થિત સ્ટ્રીટ લાઈટના પોલ્સને પણ કલર કરવામાં આવી રહ્યો છે. જયારે આસપાસના રસ્તાઓ અને ફુટપાથનુ પણ રીપેરીંગ તેમજ બ્યુટીફિકેશનનુ કામ હાથ ધરાયુ છે. વાઈબ્રન્ટને અનુલક્ષી તૈયાર થનાર આ ફલાવર વેલી આડા દિવસોમાં સહેલાણીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બનશે. પાર્કમાં અગાઉ અવનવા વૃક્ષોની પણ રોપણી કરવામાં આવી છે. જે પણ આકર્ષણનુ કેન્દ્ર બન્યા છે.

# બાલ વિકાસ સમિતિના ચેરમેનની ૮મીએ નિયુક્તી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા પંચાયતની નવરચિત મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેનની નિયુક્તી માટે મળેલ બેઠકમાં પક્ષ તરફથી મેન્ડેટ ન મળતાં ૮મી જાન્યુઆરી સુધી પ્રથમ બેઠક સમિતિની મુલ્તવી રાખવામાં આવી છે.

ગઈકાલે જિલ્લા પંચાયત ખાતે સમિતિની પ્રથમ બેઠક યોજાઈ હતી. સમિતિની રચના પણ નવા પ્રમુખની નિયુક્તીને ચાર માસથી વધુ સમય થયા બાદ થઈ છે.

આ બેઠકમાં ચેરમેનની નિયુક્તી માટે પક્ષ તરફથી મેન્ડેટ પહોંચ્યો ન હોવાથી બેઠક ૮મી સુધી મુલ્તવી રાખવામાં આવી હતી. આ બેઠક હવે ૮મીએ પુનઃ મળશે અને તેમાં ચેરમેનની નિયુક્તી કરાશે.

# કર્ણાટકના મનીપાલ પ્રેસમાંથી પેપર લીક કરવામાં આવ્યું હતું

**પેપર લીક કેસ મામલે દહીંયા ગેંગના ૩ મુખ્ય આરોપીઓને પકડી પડાયા : ઉંડી તપાસના દોર બાદ વિનય અરોરા, મહાદેવ અસ્તુરે અને વિનોદ રાઠોડની ધરપકડ : પ્રોફેશનલ ગેંગે જુદા જુદા રાજયોમાં પેપર લીક કર્યા હતા : પોલીસ**

ગાંધીનગર,તા. ૨

ગુજરાત સહિત દેશભરમાં જબરદસ્ત ખળભળાટ મચાવનારા લોકરક્ષક દળ પેપર લીક કૌભાંડમાં એક મહિનાની સઘન તપાસના અંતે ગુજરાત પોલીસને બહુ મોટી સફળતા હાથ લાગી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચ, એટીએસ અને ગાંધીનગર પોલીસના સંયુકત ઓપરેશનમાં પેપર લીક કૌભાંડમાં મુખ્ય સૂત્રધાર આરોપીઓ એવા દહીંયા ગેંગના ત્રણ આરોપીઓને ઝડપી લીધા છે. હરિયાણાના સોનીપતના વિનય રમેશકુમાર અરોરા, કર્ણાટકના બીડરના વતની મહાદેવ દત્તાત્રેય અસ્તુરે અને વિનોદ બંસીલાલ રાઠોડની પોલીસે ધરપકડ કરી સમગ્ર કાવતરાનો પર્દાફાશ કર્યો છે. જેમાં એવી ચોંકાવનારી વાત સામે આવી હતી કે, હરિયાણા અને દિલ્હી સ્થિત આ પ્રોફેશનલ ગેંગે



કર્ણાટકના ત્રણ આરોપીઓની મદદથી કર્ણાટકના ઉડુપી જિલ્લાના મનીપાલ ખાતેના પ્રિન્ટીંગ પ્રેસમાંથી લોકરક્ષક દળના પ્રશ્નપત્રની ચોરી કરાવી હતી. આ પ્રકરણમાં પ્રિન્ટીંગ પ્રેસમાંથી પેપર લીક કરવામાં મદદગારી કરનારા ત્રણથી ચાર આરોપીઓ નાસતા ફરે છે, તેઓને પણ ઝડપી લેવાના ચક્રો ગતિમાન કરાયા છે.

લોકરક્ષક દળ પેપર લીક કૌભાંડમાં હરિયાણા-દિલ્હીની દહીંયા ગેંગનો પર્દાફાશ કરવા અંગે પત્રકાર પરિષદ યોજી રાજયના ડીજીપી શિવાનંદ ઝાએ વધુમાં જણાવ્યું હતું કે, આ પ્રોફેશનલ ગેંગ દ્વારા ગુજરાત, દિલ્હી, હરિયાણા સહિતના વિવિધ રાજયોમાં પેપર લીક કરવામાં આવતા હતા, ગેંગના ઘણા સભ્યો દેશમાં વિવિધ રાજયોમાં પેપર લીક અંગેના સંખ્યાબંધ કેસોમાં સંડોવાયેલા છે. પ્રોફેશનલ ગેંગના ઉપરોકત ત્રણ મુખ્ય આરોપીઓએ કર્ણાટકના સ્થાનિક ત્રણ આરોપીઓને રૂ.૩૦-૩૦ હજારમાં પેપરની ચોરી કરવાનું કામ સોંપ્યુ હતું કે જે કર્ણાટકના મનીપાલ પ્રિન્ટીંગ પ્રેસમાં છપાવા માટે ગયુ હતુ. આ સહઆરોપીઓએ પ્રિન્ટીંગ પ્રેસની બાજુમાં આવેલા ડિસ્ટ્રકશન રૂમ મારફતે પ્રવેશ મેળવ્યો હતો અને પ્રિન્ટીંગમાં ડાઈ પર જે પેપર હતું, તેના ફોટા પાડી લીધા હતા અને પેપરની ચોરી કરી હતી. જો કે, આ સ્થળ પર સીસીટીવી કેમેરા નહી હોવાથી આરોપીઓની શોધખોળ ભારે મુશ્કેલ બની હતી પરંતુ ગુજરાત પોલીસે ડિજિટલ ફુટ પ્રિન્ટ્સ અને ટેકનીકલ ઈનપુટ્સ પર ખૂબ ભાર મૂકી સમગ્ર કેસમાં મહત્વપૂર્ણ સફળતા મેળવી ત્રણેય મુખ્ય આરોપીઓને ઝડપી લીધા છે. પ્રિન્ટીંગ પ્રેસમાંથી ચોરી થયેલું આ પેપર રૂ.૫૦ લાખમાં અન્ય આરોપી વીરેન્દ્ર માથુરને અપાયુ હતુ અને વીરેન્દ્ર માથુર મારફતે દિલ્હીના સબ એજન્ટો મોનુ ઉર્ફે મનજીતસિંહ સહિતના આરોપીઓને પહોંચાડયું હતું. દિલ્હીના આ સબ એજન્ટોએ ગુજરાતના આરોપીઓનો સંપર્ક કરી તેમને દિલ્હી લાવી પેપર પહોંચાડયું હતું. ગુજરાતના ઉમેદવારોને દિલ્હી લઈ જનાર નીલેશ ચૌહાણ, ઈન્દ્રવદન પરમાર, અશ્વિન પરમાર અને સુરેશ પંડયાની મુખ્ય ભૂમિકા સામે આવી હતી. આ સમગ્ર કૌભાંડમાં સૌપ્રથમ મહિલા આરોપી ઉમેદવાર રૂપલ શર્મા, ગાંધીનગર વાયરલેસ પીએસઆઈ પી.વી.પટેલ, મુકેશ મૂળજી ચૌધરી, મનહર પટેલની ધરપકડ થઈ હતી, જેમાં આરોપી યશપાલ જશવંતસિંહ સોલંકીનું નામ ખૂલ્યું હતું. યશપાલની ધરપકડ બાદ દિલ્હીના ગુજરાત પોલીસે આ સમગ્ર કૌભાંડમાં દિલ્હી ગેંગના મુખ્ય આરોપી વિનીત માથુર અને મધ્યપ્રદેશના રતલામથી અશોક સાહુની પણ ધરપકડ કરી હતી. તેમની પૂછપરછમાં હરિયાણાના જજરના મનીષસિંહ બળવંતસિંહના નામનો ખુલાસો થયો હતો. આજે દહીંયા ગેંગના ત્રણ આરોપીઓને પકડયા બાદ પોલીસે હવે નાસતા ફરતા વધુ આરોપીઓને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

## દહીયા ગેંગ પેપર લીક કરવા ગયા બીજુ અને હાથમાં આવ્યુ ગુજરાતનું..!

લોકરક્ષક પેપરલીક કાંડની તપાસમાં નવો વળાંક આવ્યો છે. પોલીસે આજે દહીયા ગેંગના ત્રણ સુત્રધારોને પકડી પાડ્યા છે. તેમની પ્રાથમિક પુછપરછમાં બહાર આવ્યુ છે કે તેમણે કર્ણાટકના મણીપાલ પ્રીન્ટીંગ પ્રેસમાંથી પેપર લીક કર્યુ હતુ. રાજ્ય પોલીસ વડાના જણાવ્યા મુજબ આ ગેંગ પ્રિન્ટીંગ પ્રેસમાં બીજા રાજ્યના પેપરને ફોડવા ગઈ હતી પરંતુ તે વખતે પ્રિન્ટીંગ પ્રેસમાં ડાઈ સાથે આ એક પેપરની કાર્બન કોપી મળી હતી. આ પેપરની ભાષા ગુજરાતી હોવાથી તેઓ સમજી શક્યા ન હતા કે તેમને હાથ કયું પેપર લાગ્યું છે. પરંતુ ત્યાર બાદ ગુગલ ટ્રાન્સલેશન એપ્લીકેશનની મદદથી પેપર ટ્રાન્સલેટ કરી ગુજરાતનું લોકરક્ષકનું પેપર હોવાનો અંદાજ આવ્યો હતો. ત્યારબાદ આ પેપરનો સોદો કર્યો હતો તેવો દાવો આરોપીઓની પ્રાથમિક પુછપરછ બાદ પોલીસ કરી રહી છે.

# રવિવારે જિલ્લાના ૨૮ હજાર ઉમેદવારો લોકરક્ષક દળની પરીક્ષા આપશે

**૯૦ કેન્દ્રો અને ૯૩૪ બ્લોકમાં બેઠક વ્યવસ્થા : એસ ટી તંત્ર દ્વારા પરીક્ષાર્થીઓને ફ્રી ટીકીટ આપવા સાથે સ્થળ પર પહોંચાડવા માટે જરૂરી આયોજન કરાયુ**

ગાંધીનગર તા ૨

લોકરક્ષક દળની ભરતી અન્વયે આગામી તા ૬ જાન્યુઆરીના રોજ પરીક્ષાનુ આયોજન કરવામં આવ્યુ છે ગાંધીનગર જિલ્લામાંથી પણ ૨૮ હજાર ઉમેદવારો આ પરીક્ષા આપશે. જયારે પરીક્ષાને અનુલક્ષીને ૯૦ જેટલા કેન્દ્રો પર બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. એસ ટી તંત્ર દ્વારા પરીક્ષાર્થીઓ માટે બસ વ્યવસ્થાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે.

લોકરક્ષક દળની પરીક્ષાનુ પ્રશ્નપત્ર અગાઉ ફુટ્યુ હોવાનો કિસ્સો પ્રકાશમાં આવતા પરીક્ષાર્થીઓમાં ઉગ્ર રોષ પ્રવર્તયો હતો. જયારે પરીક્ષા પણ રદ કરવામાં આવી હતી. જેના અંતે આમ નાગરિકોમાં પણ આક્રોશની લાગણી પ્રબળ બની હતી. જયારે હવે આ પરીક્ષા આગામી તા ૬ જાન્યુઆરીના રોજ યોજવામાં આવનાર છે. આ પરીક્ષાને અનુલક્ષી ગાંધીનગર જિલ્લામાં પણ જરૂરી આયોજન કરી દેવાયુ છે. જેમાં ગાંધીનગર જિલ્લામાંથી પણ ૨૮ હજાર જેટલા ઉમેદાવારો આ પરીક્ષા આપવાના છે. જેથી તંત્ર દ્વારા પણ પરીક્ષાને અનુલક્ષીને સંપુર્ણ તૈયારી કરી દેવામાં આવી છે. આ માટે જિલ્લાના ૯૦ કેન્દ્રો પર ૯૩૪ બ્લોક પર બેઠક વ્યવસ્થા ગોઠવાનુ આયોજન કરાયુ છે.

એસ ટી તંત્ર દ્વારા પરીક્ષાર્થીઓ માટે નિઃશુલ્ક ટીકીટની સુવિધા પણ કરવામાં આવી છે. આ માટે ડેપો સંકુલમાં એડવાન્સ બુકીંગ કરવાનુ પણ શરૂ કરી દેવાયુ છે. પરીક્ષાર્થીઓ ડેપોમાં પોતાનો કોલ લેટર બતાવીને આઈ ડી સાથે એડવાન્સ બુકીંગ કરાવી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

# જી એસ ટી અન્વયે માંગણીઓનો સ્વીકાર થતા વેપારીઓને રાહત થશે

**ગાંધીનગર ટેક્ષ બાર એસોસિએશનને અગાઉ કમિટી સમક્ષ રજુઆત કરી હતી**

ગાંધીનગર તા ૨

ગાંધીનગર ટેક્ષ એસોસિએશન દ્વારા જી એસ ટી અન્વયે કરવામાં આવેલી રજુઆતોને કાઉન્સિલે માન્ય રાખતા વેપારીઓને અનેક પ્રકારની રાહતો થવાની સાથે કામકાજમાં પારદર્શકતા આવશે તેવી લાગણી એસોસિએશને વ્યકત કરી છે.

ગાંધીનગર ટેક્ષ બાર એસોસિએશન દ્વારા સરકાર સમક્ષ કરવામાં આવેલી રજુઆત જી એસ ટી કાઉન્સિલે માન્ય કરી છે. ટેક્ષ એસોસિએશનની રજુઆતનુ સફળ પરિણામ આવ્યુ હોવાનુ જાણીતા ટેક્ષ એડવોકેટ હરિશ ત્રિવેદીએ જણાંવ્યુ છે. તેમણે આ અંગે વધુમાં જણાંવ્યા મુજબ ગત જુલાઈ વર્ષ ૨૦૧૮ દરમિયાન અમદાવાદ ખાતે ૨૬ રાજયો અને ૪ કેન્દ્ર શાસિત પ્રદેશના ૨૧૭ જેટલા કર વ્યવસાયીઓએ જી એસ ટી અન્વયે સામજસ્ય જળવાય તે માટે નેશનલ એકશન કમિટીનુ સંગઠન કર્યુ હતુ. જયારે તા ૨ નવેમ્બરના રોજ દેશના વિવિધ રાજયોમાંથી જી એસ ટી કાયદાના સુધાર અંગે એક સરખી રજુઆતો કરી હતી. જેમાં જી એસ ટી

● અનુસંધાન પાન-૭ પર



તૈયારીમાં વાયબ્રન્સી - ગાંધીનગરમાં યોજાનાર વાયબ્રન્ટ સમિટનું કાઉન્ટ-ડાઉન શરૂ થઈ ગયું છે... સમિટને આડે માત્ર ૧૫ દિવસ જ બાકી છે ત્યારે સરકારના તમામ તંત્રો તડામાર તૈયારીઓ કરી રહ્યા છે... શહેરના વિવિધ સ્થાનો પર પુરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે... એકાદ સપ્તાહમાં તો ગાંધીનગરના રૂપ અને રંગ કંઈક નવા જ હશે...

# આજે જિલ્લાકક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાશે

**મંત્રી દિલીપ ઠાકોર અને નરહરિ અમીન હાજર રહેશે : ૩ હજાર લાભાર્થી : મનપાના ૧૨૬ લાભાર્થી : તંત્ર મેળાના આયોજનમાં ગળાડૂબ**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાનો જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો આજે કોબા પ્રેક્ષાભારતી કેન્દ્ર ખાતે યોજાશે. જેમાં રૂ. ૧૫ કરોડથી વધુના લાભ ૩ હજાર જેટલા લાભાર્થીઓને આપવામાં આવશે.

જિલ્લાતંત્ર દ્વારા ગરીબ કલ્યાણ મેળાની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. પ્રાપ્ત થતી વિગતો મુજબ આ મેળામાં હાજર રહેનાર મંત્રીશ્રી અને પદાધિકારીઓએ લાભાર્થીઓની યાદી સાથે તેમનો અહેવાલ સરકારને આપવાની ખાસ સૂચના આપવામાં આવી છે.

આ ગરીબ કલ્યાણ મેળામાં જે ત્રણ હજાર લાભાર્થીઓને લાભ આપવાના છે તેમાં ૨૭૬૫ મહિલા લાભાર્થી છે જ્યારે ૩૨૯ પુરૂષ લાભાર્થીઓ છે. આ લાભાર્થીઓમાં ગાંધીનગર મહાનગરપાલિકાના ૧૨૬ લાભાર્થીઓનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે ૨૦૦૦ જેટલા લાભાર્થી અંત્યોદય યોજના પરિવાર સાથે સંકળાયેલા છે. આ મેળામાં કૃષિ, આરોગ્ય, સમાજકલ્યાણ તેમજ ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓનો સમાવેશ થાય છે.

આ લાભાર્થીઓને લઈ આવવા માટે ૫૦થી વધુ બસોની વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવી છે. જેમાં એસ.ટી. નિગમ ઉપરાંત મનપા સંચાલિત સીટી બસોનો સમાવેશ થાય છે.

રાજય સરકારના મંત્રી દિલીપભાઈ ઠાકોર તથા આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિભાઈ અમીનની ઉપસ્થિતિમાં યોજાનાર ગરીબ કલ્યાણ મેળાના સ્થળ પર ખાસ રિહર્સલ પણ તંત્ર દ્વારા કરવામાં આવ્યુ હતુ. આ સ્થળે મેડીકલની ટીમ અને ૧૦૮ એમ્બ્યુલન્સ પણ ઉપસ્થિત રાખવામાં આવનાર છે.

જિલ્લાકક્ષાના આ ગરીબ કલ્યાણ મેળા માટે તંત્ર દ્વારા છેલ્લા ચાર દિવસથી તડામાર તૈયારી ચાલી રહી છે. આ માટે ૧૦૦થી વધુ કર્મચારીઓને ફરજ પર ખાસ તૈનાત કરવામાં આવ્યા છે.

# લોકસભાની ચુંટણીને અનુલક્ષી ભાજપે ખાટલા બેઠક શરૂ કરી

ગાંધીનગર તા ૨

આગામી લોકસભાની ચુંટણીને અનુલક્ષીને ભાજપ દ્વારા આજે રૂપાલ સ્થિત વરદાયિની માતા મંદિરેથી ખાટલા બેઠકનો દૌર શરૂ કરાયો હતો. ભાજપના કાર્યકરોએ આમ નાગરિકો વચ્ચે જઈને તેમની સાથે સંવાદ કરવા ખાટલા બેઠકની શરૂઆત કરી છે. જિલ્લા ભાજપના મહામંત્રી આઈ બી વાઘેલા, નાથુભાઈ ચૌધરી દ્વારા આ બેઠકોને અનુલક્ષી તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. આગામી દિવસોમાં તાલુકા મથકે શક્તિ કેન્દ્રના પ્રમુખ, પેજ પ્રમુખ તેમજ બુથ પ્રમુખ સહીતના કાર્યકર્તાઓ અને અગ્રણીઓ પ્રવાસ કરશે. આ ઉપરાંત ખાટલા બેઠકો દરમિયાન રાજય અને કેન્દ્ર સરકારની સિધ્ધિઓ તેમજ ઉપલબ્ધિઓ અંગે પણ નાગરિકોને માહીતગાર કરાશે.

# આરટીઈ હેઠળ ફેબ્રુઆરીથી શાળાઓમાં પ્રવેશ કાર્યવાહી

ગાંધીનગર, તા. ૨

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ આરટીઈ અંતર્ગત ગરીબ બાળકોને ખાનગી શાળાઓમાં પ્રવેશ આપવામાં આવે છે. ગત વર્ષે આરટીઈની પ્રવેશ પ્રક્રિયામાં વિલંબ સહિત અનેક ગુંચવાડાઓના કારણે રાજ્યભરમાથી કુલ ૩૩,૮૮૩ બેઠકો ખાલી રહી ગઈ હતી. આ કારણે આ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માં આરટીઈ માટેની પ્રવેશ પ્રક્રિયા માટેની કામગીરી આગામી ફેબ્રુઆરી માસથી જ શરૂ કરી દેવામાં આવશે એવું આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળે છે. બીજીબાજુ, ગત વર્ષે સામે આવેલા પ્રવેશ વિલંબ, ટેકનીકલ ખામી, ક્ષતિઓ સહિતના ગૂંચવાડા આ વર્ષે

● અનુસંધાન પાન-૭ પર


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ગાંધીનગર માટે
LED TV રીપેરીંગ માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડીયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com